બિન સરકારી માધ્ય./ ઉ. માધ્ય. શાળાઓમાં
શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી
**સહાયકની ભરતી કરવા અંગે.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૦૬/૧૪૨૨/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: 28 JAN 2008

સંદર્ભ :- (૧) શિ. વિ. નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ, તા. ૨-૦૭-૧૯૯૯.
(૨) ના. વિ. નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ-૧, તા. ૧૬-૦૨-૨૦૦૬.

**આમુખ:-**

શિક્ષણ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા. ૨-૭-૧૯૯૯ ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જગ્યાઓ ઉકત ઠરાવમાં દર્શાવેલ શરતોને આધીન ૧:૩ના પ્રમાણમાં પુરા પગાર/ સહાયક સંવર્ગમાં ભરતી કરવા ઠરાવવામાં આવેલ છે.

નાણા વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા. ૧૬-૨-૨૦૦૬ ના ઠરાવ અન્વયે રાજ્ય સરકારની વિવિધ સેવાઓ/ નોકરીઓમાં ખર્ચ ઉપરના કાપના હેતુથી નવી ભરતીઓ સંપૂર્ણપણે બંધ ના થાય અને રાજ્યની તિજોરી ઉપર આયોજન બહારનો ખર્ચ પણ અંકુશમાં રહે તેવા ઉમદા ઉદ્દેશને પૂર્ણ કરવા રાજ્ય સરકારની/બોર્ડ/ કોર્પોરેશન/ ગ્રાન્ટ -ઈન-એઈડ સંસ્થાઓમાંની વર્ગ-૩ અને વર્ગ-૪ ની તમામ જગ્યાઓ પાંચ વર્ષના સમયગાળા માટે ઠરાવમાં દર્શાવેલ માસિક ફિક્સ પગારના અજમાયશી તરીકે જ ભરવાનું ઠરાવવામાં આવેલ છે. નાણા વિભાગના ઉકત ઠરાવમાંથી છૂટછાટ આપીને શિક્ષણ વિભાગના સંદર્ભિત તા. ૨-૭-૯૯ ના ઠરાવ મુજબ ૧:૩ રેશિયો મુજબ ભરતી ચાલુ રાખવા તેમજ તદઅન્વયે નિયત કરવામાં આવેલ માસિક ઉચ્ચક માનદ વેતનના દરો યથાવત રાખવાની બાબત નાણા વિભાગ સાથે પરામર્શમાં હતી. પુખ્ત વિચારણાને અંતે બિન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની તમામ જગ્યાઓ ભરવા અંગે આથી નીચે ઠરાવવામાં આવે છે.

**ઠ રા વ :-**

(૧) શિક્ષણ વિભાગના તા. ૨-૭-૯૯ ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧(૨)/ગ, સાથે સામેલ પરિશિષ્ટ-૩ પ્રમાણે ૧:૩ ના પ્રમાણમાં ફક્ત શિક્ષણ સહાયકની જગ્યાઓ ભરવાનું યથાવત ચાલુ રાખવામાં આવે છે.

(૨) નાણા વિભાગના તા. ૧૬-૨-૨૦૦૬ ના ઠરાવ બાદ નિમણુંક કરવામાં આવેલ શિક્ષણ સહાયકોને નાણા વિભાગના તા. ૧૬-૨-૨૦૦૬ ના ઠરાવની જોગવાઈઓને ધ્યાને લઈને તે પ્રમાણે ફિક્સ પગાર ચુકવવાનો રહેશે.

(૩) નાણા વિભાગના તા. ૧૬-૨-૨૦૦૬ ના ઠરાવ અગાઉ જે શિક્ષણ સહાયકોને વિભાગના તા. ૨-૭-૧૯૯૯ ના ઠરાવ પ્રમાણે નિમણુંક આપેલ છે તેવા કિસ્સામાં તા. ૨-૭-૧૯૯૯ ના ઠરાવની જોગવાઈઓ પ્રમાણે ફિક્સ પગાર ચાલુ રહેશે.

(૪) વિભાગના તા. ૨/૭/૧૯૯૯ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

(૫) તા. ૧૬/૨/૨૦૦૬ બાદ કરવામાં આવેલ તમામ સહાયકોની નિમણુંકોમાં નાણાં વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ના ઠરાવની બોલીઓ અને શરતો લાગુ પડશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકના ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨-૧-૨૦૦૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. એ. મેકવાન)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ :-

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિ.રા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
  જિલ્લાની તમામ શાળાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.
- નાણા વિભાગ, ઝ-૧ શાખા, સચિવાલય,
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્ય. શિક્ષણ અને ઉચ્ચતર માધ્ય. શિક્ષણ પંચ, અમદાવાદ
- તમામ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ.
- સંબંધિત સરકાર માન્ય સંઘો. (કમિશ્નરશ્રી, મ.ભો.અને શાળાઓની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ગ-૧ શાખા, શિક્ષણ વિભાગ
- સેકશન અધિકારીશ્રી, છ-શાખા, શિક્ષણ વિભાગ /પસંદગી ફાઈલ.

R. K. Parmar    Gh-Branch    070704